Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-52 ■ તા. 25-12-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

વર્ષ ૨૦૪૭ માં જયારે

દેશ આઝાદીના ૧૦૦ વર્ષનો ઉત્સવ મનાવી રહ્યો હશે, ત્યારે ગુરૂકુળના વિદ્યાર્થીઓનો ફાળો મહત્વનો હશેઃ વડાપ્રધાન મોદી

ભગવાન શ્રી સ્વામિનારાયણના નામથી નવ ચેતનાનો સંચાર થાય છે.

નવીદિલ્હી,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ સંસ્થાનના ૭૫મા અમૃત મહોત્સવને વર્ચુયલ માધ્યમથી સંબોધિત કર્યું. વડાપ્રધાન મોદીએ જય સ્વામિનારાયણ કરીને સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું કે, ''રાજકોટ ગુરુકુળને ૭૫ વર્ષ થઇ રહ્યા છે. હું ૭૫ વર્ષની યાત્રા માટે તમને બધાને હૃદયથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ભગવાન શ્રી સ્વામિનારાયણના નામ સ્મરણથી જ નવચેતનાનું સંચાર થાય છે. સ્વામિનારાયણના નામ સ્મરણથી એક અલગ જ અલૌકિક અહેસાસ થાય છે. આવનારું ભવિષ્ય વધુ યશસ્વી હશે. તેનું યોગદાન પણ અપ્રતિમ છે. શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ યાત્રાનું ૭૫મું વર્ષ એવા સમયે પૂરું થઇ રહ્યું છે કે જયારે દેશ આઝાદીનું ૭૫મું વર્ષ ઉજવી રહ્યું છે. આ સુખદ સંયોગ છે.

મોદીએ કહ્યું કે આ સંસ્કૃતિ અને સમર્પણનો સુયોગ છે. અધ્યાત્મ અને આધુનિકતાનો સુયોગ છે. જ્યારે દેશ આઝાદ થયો ત્યારે આપણા પર જવાબદારી હતી કે આપણે શિક્ષાના ક્ષેત્રમાં ભારતના પ્રાચીન વૈભવ અને આપણા મહાન ગૌરવને પુનઃજીવિત કરીએ. પરંતુ ગુલામીની માનસિકતાના દબાણમાં સરકારો એ દિશામાં આગળ વધી નહીં, કેટલાંક ભાગોમાં ઉલટા પગે ચાલી. આ પરિસ્થિતિમાં એક વખત ફરીથી આપણા સંતો અને આચાર્યોએ એક બીડું ઉઠાવ્યું અને સ્વામિનારાયણ ગુરુકુળ આ સુયોગનું જીવંત ઉદાહરણ છે. પૂજય શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનું રાજકોટ ગુરૂકુળ માટે જે વિઝન હતું તે વિચારબીજ વટવૃક્ષ બનીને આપણી સામે છે. હું ગુજરાતમાં તમારા બધાની વચ્ચે જ મોટો થયો છું. આ મારું સૌભાગ્ય છે કે મને આ વટવૃક્ષને આકાર લેતા મારી આંખે જોવાનું સૌભાગ્ય મળ્યું છે. રાજકોટમાં માત્ર ૭ વિધાર્થીથી શરૂ થયેલ ગુરૂકુળની દેશ-વિદેશમાં ૫૦થી વધારે શાખાઓ છે.ગુકુકુળની એક વિશેષતા આપણે બધા જાણીએ છીએ કે આજના લોકોમાં બધાને ખબર છે કે ગુરુકુળ એવી સંસ્થા છે કે ગરીબ લોકો પાસેથી એક સિની માત્ર એક રૂપિયો ફી લે છે. તેથી ગરીબ બાળકો માટે શિક્ષણ લેવું સરળ થઇ જાય છે. ભારતમાં જ્ઞાન જ જીવનનું સર્વોચ્ચ ઉપદેશ રહ્યો છે તેમ કહેતા વડાપ્રધાને વધુમાં કહ્યું કે દુનિયાના બીજા દેશોની ઓળખ રાજ્યો અને રાજગુરૂઓથી થતી હતી. ત્યારે ભારતને લોકો ગુરૂકુળોથી ઓળખતા હતા. આપણું ગુરૂકુળ સદીઓથી મમતા, સમાનતા, અને સેવાભાવની વાટિકા રહી છે. નાલંદા અને તક્ષશિલા જેવા વિશ્વવિધાલય ભારતની ઓળખ છે. ભારતના કણકણમાં જે વિવિધતા જુઓ છો, જે સાંસ્કૃતિક સમૃદ્ધિ જુઓ છો એ શોધો અને અન્વેષણોનું પરિણામ છે. સોશિયલ સાયન્સથી સોલાર સાયન્સ સુધી, મેથ્સ થી મેથોલોજીકલ, શૂન્ય થી અનંતતા સુધી શોધ કરી, નવા નિષ્કર્ષ નીકાળ્યા છે. ભારતે અધંકારથી ભરેલા યુગોમાં માનવતાને પ્રકાશના એ કિરણો આપી તેનાથી આધુનિક વિશ્વ અને આધુનિક વિજ્ઞાનની યાત્રા શરૂ થઇ.

મહર્ષિ વાલ્મિકી આશ્રમમાં લવકુશ સાથે આત્રેયી પણ ભણતી હતી તેમ કહીઁ ર મોદીએ કહ્યું કે મને ખુશી છે કે સ્વામિનારાયણ ગુરુકુળ આધુનિક ભારતને આગળ વધારવા કન્યા ગુરુકુળ શરૂ કરી રહ્યા છે. આ સંસ્થાની શાનદાર ઉપલબ્ધિ હશે. દેશ માટે મહત્ત્વપૂર્ણ યોગદાન હશે. ભારતના ઉજ્જ્વળ ભવિષ્યમાં આપણી આજની શિક્ષા વ્યવસ્થા અને શિક્ષણ સંસ્થાઓની કેટલી મોટી ભૂમિકા છે. આથી આઝાદીના અમૃતકાળમાં દેશ એજયુકેશન, ઇન્ફ્રાસ્ટ્રકચર કે એજ્યુકેશન પોલિસી હોય અમે દરેક સ્તર પર ખૂબ જ ઝડપથી અને વિસ્તારથી કામમાં લાગેલા રહીએ છીએ. આજે દેશમાં મોટી શૈક્ષણિક સંસ્થાઓ આઇઆઇટી, ટ્રિપલ આઇટી, આઇઆઇએમ, એઇમ્સ જેવી સંસ્થાઓમાં વૃદ્ધિ થઇ રહી છે. ૨૦૧૪ બાદ મેડિકલ

કોલેજની સંસ્થામાં ૬૫ ટકાનો વધારો થયો છે. નવી શિક્ષણ નીતિ દ્વારા એ શિક્ષણ નીતિ તૈયારી કરી રહ્યું છે કે જે ફોરવર્ડ લુકિંગ છે. આ જ આદર્શ યુવા ૨૦૪૭માં જયારે દેશ આઝાદીના ૧૦૦ વર્ષ મનાવતો હશે ત્યારે વૈશ્વિક સિદ્ધિ સુધી લઇ જશે. ત્યારે સ્વામિનારાયણ ગુરૂકુળ જેવી સંસ્થાઓનો પ્રયાસ અગત્યનો છે.

તેમણે વધુમાં કહ્યું કે અમૃતકાળની આવતા ૨૫ વર્ષની યાત્રા તમારા બધાનો સાથ ખૂબ જ અગત્યનો હશે. ભારતના સંકલ્પ નવા છે. આ સંકલ્પને સિદ્ધ કરવાના પ્રયાસો પણ નવા હશે. ડિજિટલ ઇન્ડિયા, આત્મનિર્ભર ભારત, વોકલ કોર લોકલ, એક ભારત શ્રેષ્ઠ ભારતના વિઝનને લઇ આગળ વધી રહ્યા છે. સામાજિક સુધારકાર્યમાં પણ બધાનો પ્રયાસ કાર્ય કરે છે. ગુરુકુળ જેવી સંસ્થાઓ આ પ્રકારના કાર્યોને ઉર્જા આપતી રહેશે.

બજેટ સત્ર જાન્યુઆરીથી શરૂ થઈ શકે છે

નવીદિલ્હી,તા.૨૪

સંસદનું શિયાળુ સત્ર નક્કી થયેલા એક સપ્તાહ પહેલાં જ શુક્રવારે પૂર્ણ થયું હતું. જેના માટે સત્તા પક્ષ અને વિપક્ષમાં સહમતી બની ગઇ હતી. શિયાળુ સત્ર ૭ ડિસેમ્બરે શરુ થયું હતું જેને ૨૯ ડિસેમ્બરે પૂર્ણ થવાનું હતું. પરંતુ વિપક્ષ દ્વારા ક્રિસમસ પહેલાં જ સત્ર પૂર્ણ થવાની માગ કરાઇ હતી. બંને ગૃહોની બિઝનેસ એડવાઈજરી કમિટી (બીએસી)ની બેઠકમાં બધાની મંજૂરીથી સત્ર સમાપ્તિનો નિર્ણય લેવામાં આવ્યો જેથી ૨૩ ડિસેમ્બરે સત્ર પૂર્ણ થયું હતું.

આ શિયાળુ સત્રના સમયગાળામાં લોકસભામાં ૭ અને રાજ્યસભામાં ૯ બિલ પાસ થયા. ચાઇના દ્વારા થયેલી તવાંગ ઝડપના મુદ્દે વિપક્ષ સરકાર પાસે લગાતાર ચર્ચાની માગ પર અડ્યો હતો પણ તેના પર ચર્ચા થઇ ન હતી. પીઆરએસ લેજિસ્લેટીવ રિસર્ચથી મળેલા ડેટા મુજબ ૨૦૨૦માં થયેલા બજેટ સત્રથી લઇ અત્યાર સુધીના તમામ સંસદ સત્ર નક્કી થયેલા સમય કરતાં વહેલા સમાપ્ત થઇ ગયા હતા. છ દિવસ પહેલાં જ અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરાયેલા શિયાળુ સત્ર લગાતાર ૮મું સત્ર છે.

લોકસભાના દસમા સત્ર દરમિયાન ૧૩ બેઠકો થઈ અને ગૃહ ૬૮ કલાક ૪૨ મિનિટ સુધી ચાલ્યું હતું. લોકસભામાં ૯૭% કામકાજ થયું અને સત્રના દરમિયાન દરિયાઈ જળદસ્યુતા રોધી બોર્ડ સહિત ૭ વિધેયક પાસ કરાયા હતા. રાજ્યસભાની કાર્યવાહી ૬૪ કલાક ૫૦ મિનિટ ચાલી. ૧૦૨% કામકાજ થયું.શીયાળુ સત્ર દરમિયાન બંને ગૃહમાં ૯ બિલ પાસ થયા અને ૯ નવા બિલ રજૂ થયા હતા. મલ્ટી સ્ટેટ કો ઓપરેટીવ સોસાયટી સંશોધન બિલ અને જનમ વિશ્વાસ બિલ સંસદની સંયુક્ત સમિતિની પાસે મોકલવામાં આવ્યા હતા. હવે પછીનું સત્ર બજેટ સત્ર હશે જે ૩૧ જાન્યુઆરીએ શરુ થવાની સંભાવના છે. જો કે નવુ સત્ર સંસદની જૂની બિલ્ડીંગમાં થશે કે નવી બિલ્ડીંગમાં તે હજું નક્કી નથી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગુજરાતના સૌથી લાંબા બ્રિજનું લોકાર્પણ કરશે

ગાંધીનગર,તા.૨૪

ગુજરાત રાજયના મુંખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે વડોદરામાં ગુજરાતના સૌથી લાંબા બ્રિજનુ લોકાર્પણ કરશે. વડોદરામાં તૈયાર થયેલો આ બ્રિજ અદાંજિત ૨૩૦ કરોડના કિંમત અને ૩.૫ કિલોમીટર લાંબો છે. આ બ્રિજ અટલ બ્રિજ તરીકે ઓળખવામાં આવશે.ભુપેન્દ્ર પટેલ જે બ્રિજનું ઉઘાટન કરવાના છે તે બ્રિજ એવો છે કે જયા સર્કલના વળાંકમાં ઊતરવા માટે અને ત્યાંથી ચડવા માટે બંને બાજુ એન્ટ્રી અને એક્ઝિટની વ્યવસ્થા થશે. ગેંડા સર્કલથી શરૂ થતાં આ બ્રિજમાં વડીવાડી, રેસકોર્સ, અલકાપુરી, ચકલી સર્કલ, શિવમહલ, રોકસ્ટાર, દિવાળીપુરા તરફ ઉતાર અને ચઢાવ માટે ૫૦ મીટર પહેલા સ્ટોપ આપવામાં આવ્યો છે.

ગુજરાત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે વડોદરાના પ્રવાસે છે. વડોદરામાં બનેલા રાજયના સૌથી લાંબા બ્રિજનું આવતીકાલે તેઓ લોકાર્પણ કરવાના છે. આ બ્રિજ ૩.૫ કિલોમીટર લાંબો અને બ્રિજ પર ઈમરજન્સી એગ્ઝિટ માટે ૨ સ્લાઇડિંગ પેનલ મુકવામાં આવી છે. બ્રિજ પરની આ પેનલ ઈમરજન્સી સમયે ખોલી શકાશે.

૨૪ કલાકમાં કેન્દ્ર સરકારે લીધા ૩ મહત્વપૂર્ણ નિર્ણયો, ખેડૂતોની સાથે-સાથે કરોડો લોકોને લાભ થશે

નવીદિલ્હી,તા.૨૪

કેન્દ્ર સરકારે ખેડૂતોના હિતમાં નિર્ણય કર્યો છે. કેબિનેટ બેઠકમાં કોપરા (સૂકું નારિયેળ)ની સ્જીઁમાં વધારાને મંજૂરી આપી છે. વર્ષ ૨૦૨૩માં નારિયેળનું તેલ કાઢવા માટે ઉપયોગમાં લેવાતી મિલિંગ કોપરા માટે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૦,૮૬૦ અને પૂજામાં ઉપયોગ કરવામાં આવતા કોપરા માટે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૧,૭૫૦ની MSઁ (મિનિમમ સપોર્ટ પ્રાઈસ) નક્કી કરવામાં આવી છે. સરકાર આ અંગે દાવો કરે છે કે, મિલિંગ કોપરાની ખર્ચ કિંમતથી લગભગ પર ટકા વધારે છે.બીજો નિર્ણય - વન રેંક વન પેન્શનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવો નિર્ણય કર્યા બાદ ૨૫ લાખ પેન્શનર્સને તેનો ફાયદો મળશે. પહેલા માત્ર ૨૦,૬૦૦ પેન્શનર્સ તેનો ફાયદો લઈ રહ્યા હતા. આ અંગે અહીં વિસ્તારપૂર્વક જાણકારી આપવામાં આવી છે. કેબિનેટે વન રેંક વન પેન્શન (OROP) હેઠળ સુરક્ષાબળના કર્મીઓ, પારિવારિક પેન્શનરોના પેન્શનમાં સંશોધનમાં મંજૂરી આપવામાં આવી છે. સુરક્ષાબળના પેન્શનભોગી, પારિવારિક પેન્શનભોગીને ઓઆરઓની રજૂઆત અનુસાર વધારો કરવામાં આવેલ પેન્શન મળશે. કેલેન્ડર વર્ષ ૨૦૧૮માં સમાન રેંક પર રિટાયર થનાર સુરક્ષાબળના કર્મચારીઓના ન્યૂનતમ પેન્શનની સરેરાશના આધાર પર અગાઉના પેન્શનભોગીઓનું પેન્શન નક્કી કરવામાં આવશે. જેનો ફાયદો યુદ્ધમાં શહીદ થયેલા સૈન્ય કર્મીઓની વિધવા પત્ની અને દિવ્યાંગ પેન્શનર સહિત પારિવારિક પેન્શનરોને પણ પેન્શન આપવામાં આવશે. જે યુવાઓને સશસ્ત્ર બળોમાં શામેલ થવા માટે આકર્ષિત કરશે.

બાકી રહેલ પેન્શનની ચૂકવણી ૬ મહિનાના ચાર હપ્તામાં ચૂકવણી કરવામાં વશે. અનુમાનિત વાર્ષિક નાણાંકીય પ્રભાવની ગણતરી ૩૧ ટકા મોંઘવારી રાહત (ડીઆર) રૂ. ૮,૪૫૦.૦૪ કરોડ તરીકે કરવામાં આવી છે. મોંઘવારી રાહત અનુસાર, ૧ જુલાઈ ૨૦૧૯થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી બાકી રહેલી પેન્શનની ગણતરી રૂ. ૧૯,૩૧૬.૭૯ કરોડ તરીકે કરવામાં આવી છે. જૂના ઁઈઁ લાભાર્થીઓ સહિત લગભગ ૨૫,૧૩,૦૦૨ સુરક્ષાબળના પેન્શનભોગી, પારિવારિક પેન્શનભોગીઓને આ સ્કીમનો લાભ આપવામાં આવશે.

ત્રીજો નિર્ણય - કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલે બેઠકમાં લેવામાં આવેલ નિર્ણય અંગે જાણકારી આપી છે. તેમણે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ અંતર્ગત તમામ લોકોને મફતમાં અનાજ આપશે. ડિસેમ્બર ૨૦૨૩ સુધી રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ મફત અનાજ આપવામાં આવશે. સરકાર તરફથી પ્રધાનમંત્રી અન્ન કલ્યાણ યોજનાને NFSA માં મર્જ કરી દેવામાં આવી છે. સરકાર NFSA હેઠળ સામાન્ય જનતાને એક કિલો ઘઉં રૂ. ૩ના ભાવે અને એક કિલો ચોખા રૂ. ૨ના ભાવે આપશે. NFSA હેઠળ ૧ વર્ષ માટે મફત અનાજ માટે રૂ. ૨૦,૦૦૦ કરોડથી લઈને રૂ. ૨૫,૦૦૦ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. કોરોના હેઠળ વર્ષ ૨૦૨૦માં પ્રધાનમંત્રી અન્ન કલ્યાણ યોજના શરૂ કરવામાં આવી હતી, સરકારે આ યોજના બંધ કરવાનો નિર્ણય કર્યો છે. આ યોજના હેઠળ સરકાર કરોડો લોકોને ફ્રીમાં રાશન આપતી હતી. સરકારે ડિસેમ્બર ૨૦૨૩ સુધી રૂ. ૨ લાખ કરોડનો ખર્ચ કરશે.

કોર્ટે મથુરાની શાહી ઈદગાહના સર્વેનો આદેશ આપ્યો છે. કોર્ટે ૨૦ જાન્યુઆરી સુધી તેનો રિપોર્ટ માંગ્યો

મથુરા,તા.૨૪

શ્રીકૃષ્ણ જન્મસ્થાન શાહી ઈદગાહ વિવાદ મામલે આજે મથુરા કોર્ટે વિવાદિત સ્થળના સર્વે માટે આદેશ આપ્યો છે. અમીને ૨૦ જાન્યુઆરી સુધીમાં નક્શા સહિત શાહી ઈદગાહ વિવાદિત સ્થળ પરિસરનો સર્વેક્ષણ રિપોર્ટ કોર્ટેને સોંપવાનો રહેશે.

કોર્ટે તમામ પક્ષકારોને પણ નોટિસનું પાલન કરાવવાનો આદેશ આપ્યો છે. સિવિલ જજ સીનિયર ડિવિઝન તૃતિય સોનિકા વર્માની કોર્ટે શાહી ઈદગાહના વિવાદિત સ્થળના સર્વેનો આદેશ આપ્યો. વકીલ શૈલેષ દુબેએ કહ્યું કે હિન્દુ સેના તરફથી દાખલ કરાયેલા દાવામાં આદેશ આવ્યો છે.

અત્રે જણાવવાનું કે કોર્ટમાં દાવો શ્રીકૃષ્ણ જન્મસ્થળની ૧૩.૩૭ એકર જમીન મુક્ત કરાવવા અને શાહી ઈદગાહને વિવાદિત સ્થળથી હટાવવા માટે કરાયો છે. સિવિલ જજ સીનિયર ડિવિઝન (તૃતિય)ની કોર્ટે હિન્દુ સેનાના દાવા પર સુનાવણી કરતા શાહી ઈદગાહ મસ્જિદનો અમીન સર્વે કરાવવાનો આદેશ આપ્યો છે. ૨૦ જાન્યુઆરી સુધી અમીને તેનો રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. નોંધનીય છે કે આ એ જ રીતે છે જે રીતે વારાણસીમાં જ્ઞાનવાપી મામલે કોર્ટે આદેશ આપ્યો હતો. તેના પર ગુરુવારે પક્ષકારોને નોટિસ મળવાની હતી પરંતુ સુનાવણી થઈ શકી નહીં. આ મામલે આગામી સુનાવણી ૨૦ જાન્યુઆરીએ થશે.

ગત ૮ ડિસેમ્બરે દિલ્હીમાં રહેતા હિન્દુ સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ વિષ્ણુ ગુપ્તા અને ઉપાધ્યક્ષ સુરજીતસિંહ યાદવે સિવિલ જજ સીનિયર ડિવિઝન (તૃતિય)ના જસ્ટિસ સોનિકા વર્માની કોર્ટમાં અરજી દાખલ કરાઈ હતી. જેમાં કહેવાયું હતું કે શ્રીકૃષ્ણ જન્મભૂમિની ૧૩.૩૭ એકર જમીન પર મંદિર તોડીને ઔરંગઝેબે ઈદગાહ તૈયાર કરાવી હતી. ભગવાન શ્રીકૃષ્ણના જનમથી લઈને મંદિર બનવા સુધીનો સમગ્ર ઈતિહાસ તેમણે કોર્ટ સમક્ષ રજૂ કર્યો. વર્ષ ૧૯૬૮માં શ્રીકૃષ્ણ જન્મસ્થાન સેવા સંઘ વિરુદ્ધ શાહી મસ્જિદ ઈદગાહ વચ્ચે થયેલી સમજૂતિને પણ તેમણે પડકારી છે.

વકીલ શૈલેષ દુબેએ જણાવ્યું કે ૮ ડિસેમ્બરના રોજ કોર્ટ સમક્ષ સમગ્ર મામલો રજૂ કરાયો હતો. કોર્ટે તે જ દિવસે કેસ દાખલ કરી લીધો હતો અને અમીનને વાસ્તવિક સ્થિતિનો સર્વે કરાવીને નક્શા સહિત રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. આ મામલે ૨૨ ડિસેમ્બરે કોર્ટમાં સુનાવણી થઈ શકી નહીં. હવે ૨૦ જાન્યુઆરી સુધી વિવાદિત સ્થળનો સર્વે કરાવીને રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.

એ.યાદ રહે કે શાહી ઈદગાહ મસ્જિદ મથુરા શહેરમાં શ્રીકૃષ્ણ જન્મભૂમિ મંદિર પરિસરની બાજુમાં છે. આ સ્થળને હિંદુ ધર્મમાં ભગવાન કૃષ્ણનું જન્મસ્થળ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ઔરંગઝેબે ૧૬૬૯-૭૦માં શ્રી કૃષ્ણના જન્મસ્થળ પર બનેલા પ્રાચીન કેશવનાથ મંદિરનો નાશ કરીને શાહી ઈદગાહ મસ્જિદ બનાવી હતી.

૧૯૩૫માં અલાહાબાદ હાઇકોર્ટે ૧૩.૩૭ એકરની વિવાદાસ્પદ ભૂમિ બનારસના રાજા કૃષ્ણ દાસને આપી હતી. આ જમીન શ્રીકૃષ્ણ જન્મભૂમિ ટ્રસ્ટ દ્વારા ૧૯૫૧માં સંપાદિત કરવામાં આવી હતી. આ ટ્રસ્ટ ૧૯૫૮માં શ્રીકૃષ્ણ જન્મસ્થાન સેવા સંઘ અને ૧૯૭૭માં શ્રીકૃષ્ણ જન્મસ્થાન સેવા સંસ્થાના નામે નોંધાયેલું હતું.

૧૯૬૮માં શ્રીકૃષ્ણ જન્મસ્થાન સેવા સંઘ અને શાહી ઈદગાહ સમિતિ વચ્ચેના કરારમાં ટ્રસ્ટને આ ૧૩.૩૭ એકર જમીનની માલિકી મળી અને ઈદગાહ મસ્જિદનું સંચાલન ઈદગાહ સમિતિને આપવામાં આવ્યું.

કાશ્મીર ઘાટીમાં આતંકવાદીઓના નેટવર્કની કમર તોડવાની કાર્યવાહી, ગિલાનીના ઘર સહિત ૨૦ મિલકતો સીલ

શ્રીનગર,તા.૨૪

જમ્મુ અને કાશ્મીરની રાજ્ય તપાસ એજન્સીએ શ્રીનગરના બરજુલ્લામાં હુર્રિયત કોન્ફરન્સના પૂર્વ અધ્યક્ષ સૈયદ અલી ગિલાની સામે મોટી કાર્યવાહી કરી છે. તપાસ એજન્સીએ ઓછામાં ઓછી ૨૦ મિલકતો એટેચ કરી છે, જેમાં કેટલીક તે નામો પણ સામેલ છે. સ્ટેટ ઇન્વેસ્ટિગેશન એજન્સીની તપાસ પર કાશ્મીરના વિવિધ જિલ્લાઓમાં મિલકતો એટેચ કરવામાં આવી છે. કાશ્મીર ખીણના બડગામ, માગમ, પુલવામા, અવંતીપોરા, કુલગામ અને શ્રીનગર જિલ્લામાં પણ દરોડા પાડવામાં આવ્યા છે. શ્રીનગર જિલ્લા મેજિસ્ટ્રેટ એ જમાત-એ-ઈસ્લામીની ત્રણ મિલકતોને સીલ કરવાનો આદેશ આપી દીધો હતો. ડીએમ દ્વારા પસાર કરાયેલા આદેશમાં શ્રીનગરના બરજુલ્લા ખાતે સૈયદ અલી શાહ ગિલાનીના નામે નોંધાયેલ બે માળના રહેણાંક મકાનનો સમાવેશ થાય છે, જે ૧૭ મરલાથી વધુ છે.

નોંધનીય છે કે, SIA એ જમ્મુ અને કાશ્મીરમાં જમાત-એ-ઈસ્લામીની ૧૮૮ મિલકતોની ઓળખ કરી છે જેને કાં તો સૂચિત કરવામાં આવી છે અથવા આગળની કાનૂની કાર્યવાહી માટે સૂચિત કરવાની પ્રક્રિયામાં છે.અધિકારીઓએ જણાવ્યું કે આ ઘર જમાત-એ-ઈસ્લામીએ ૧૯૯૦ના દાયકામાં ખરીદ્યું હોવાનું માનવામાં આવે છે અને તે ગિલાની ના નામે નોંધાયેલું હતું.

તેણે કહ્યું કે ગિલાની ૨૦૦૦ની શરૂઆત સુધી આ ઘરમાં રહેતા હતા અને પછી શહેરના હૈદરપોરા વિસ્તારમાં રહેવા ગયા હતા. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં તેમનું નિધન થયું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બાદમાં આ ઘરનો ઉપયોગ જેઇઆઇના અમીર (મુખ્ય)ના નિવાસસ્થાન તરીકે કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે એસઆઇએએ બરજુલા વિસ્તારમાં એક અન્ય રહેણાંક મકાન પણ અટેચ કર્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એસઆઇએની આ કાર્યવાહી પ્રતિબંધિત સંગઠન જેઇઆઇ સાથે જોડાયેલી સંપત્તિઓને જપ્ત કરવાનો ભાગ છે. અધિકારીઓએ કહ્યું કે આ કાર્યવાહી બટમાલૂ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરની તપાસનું પરિણામ છે. એસઆઇએ આ મામલાની તપાસ કરી રહી છે. તેમણે કહ્યું કે આ પગલાનો હેતુ અલગતાવાદી ગતિવિધિઓ માટે ભંડોળની ઉપલબ્ધતાના માર્ગને બંધ કરવાનો અને ભારતની સાર્વભૌમત્વને જોખમમાં મૂકતા રાષ્ટ્ર વિરોધી તત્વો અને આતંકવાદીઓના નેટવર્કને નષ્ટ કરવાનો છે.

દેશનાં 'સૌથી સમૃદ્ધ' રાજ્ય ગુજરાતમાં સંખ્યાબંધ કુપોષિત બાળકો!

અમદાવાદ,તા.૨૪

રાજયમાં સરકાર દ્વારા બાળકોને કુપોષણની બીમારીથી બચાવવા માટે દર વર્ષે કરોડોનો ખર્ચ કરી રહી છે. તેમ છતાં રાજયમાં કુપોષિત બાળકોનો જન્મનો સિલસિલો વધતો જઈ રહ્યો છે. ખાલી અમદાવાદમાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરતા ૭૫૨ બાળકો કુપોષિત હોવાનું ખુલ્યું છે. કુપોષિત બાળકોને લઈ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પદાધિકારીઓની ચિંતા વધી ગઈ છે. ત્યારબાદ ૭૫૨ કુપોષિત વિદ્યાર્થીઓનું મેડિકલ ચેકઅપ કરી તેમને જરૂરી દવા અપાઈ રહી છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા હોમીયોપેથી એસોસિયેશનના માધ્યમથી બાળકોનાં આરોગ્યની કાળજી લેવાઈ રહી છે. હોમીયોપેથી એસોસિયેશનના ડોકટરોની મદદથી કુપોષિત બાળકો માટે મેડિકલ કેમ્પનું આયોજન કરાયું છે. વિદ્યાર્થીઓની ઉંમર ધ્યાને લઈ તેમનું વજન ઓછું હોય, ઉંચાઈ ઓછી હોય, ભૂખ નાં લાગતી હોય એવા બાળકોને ચિન્હિત કરાયા છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન સૂજય મહેતાએ જણાવ્યું હતું કે, જે ૭૫૨ બાળકો કુપોષિત છે એમની દેખરેખ કરાઈ રહી છે. બાળકોમાં જે પણ કમીઓ છે તેને દૂર કરવાનો પ્રયાસ શરૂ કર્યો છે.

અત્યાર સુધી ત્રણ સેશન અમે યોજી ચૂક્યા છે. આગામી બેથી ત્રણ મહિનામાં આ બાળકોમાં સારી એવી પ્રગતિ દેખાશે એવી અમને આશા છે. ૭૫૨ કુપોષિત બાળકોની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળાઓમાં જઈ કુપોષિત બાળકોને જરૂરી દવા અને પૌષ્ટિક પાવડર આપી કાળજી લેવાઈ રહી છે. હોમીયોપેથી એસોસિયેશન, કેટલીક સમાજિક સંસ્થાઓની મદદથી બાળકોની નિશુલ્ક સારવાર કરાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં ૧ લાખ ૬૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જુલાઈ મહિનામાં હોમીયોપેથી એસોસિયેશનની મદદથી તમામ બાળકોની આરોગ્યની તપાસ કરાઈ હતી. જુદા જુદા તબક્કાની તપાસ બાદ ૭૫૨ બાળકોને સંપૂર્ણ ફિટ કરવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ કમર કસી છે. મહત્વનું છે કે, સમગ્ર દેશમાં સૌથી સમૃદ્ધ રાજયમાં એક રાજય ગુજરાતને ગણવામાં આવે તેમ છતાં આજે પણ રાજયમાં કુપોષિત બાળકોનો જન્મ થાય છે. જેમાં લોહીની ઉણપ ધરાવાતાં અનેક બાળકોનો જન્મ થયો છે.

તંત્રી લેખ

સતર્કતાની જરૂર

કોરોનાને દબાવવાના લાખ પ્રયત્નો છતાં ચીનમાં ફરી એક વખત કોરોનાને કારણે હાહાકાર મચી ગયો છે. સાથે જ જાપાન અને દક્ષિણ કોરિયા સહિત કેટલાક પશ્ચિમી દેશોમાં પણ કોરોનાનું વધતું સંક્રમણ જોતાં ભારત સરકારે જે રીતે સતર્કતા રાખવાનું શરૂ કર્યું તે યોગ્ય છે. પહેલાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ વિશેષજ્ઞો સાથે વિચાર-વિમર્શ કર્યો, પછી વડાપ્રધાને એક ઉચ્ચસ્તરીય બેઠક કરી. આ બંને બેઠકોથી દેશને એ સંદેશ આપવાની કોશિશ કરવામાં આવી કે હજુ કોરોનાથી સતર્ક રહેવાની જરૂર છે. એ સારું છે કે કેન્દ્ર સરકારની તર્જ પર કેટલીય રાજ્ય સરકારોએ પણ હાલતની સમીક્ષા કરી. આ સિલસિલો ચાલુ જ રહેવો જોઇએ. તેની સાથે જ જેમણે હજુ પણ બૂસ્ટર ડોઝ લીધો નથી, તેમણે લઈ લેવો જોઇએ. એ પણ સમયની માંગ છે કે ભીડભર્યા સ્થળો પર માસ્કનો ઉપયોગ કરવામાં આવે. ચીનમાં કોરોના સંક્રમણ ગંભીર સ્થિતિમાં છે, તેથી એ યોગ્ય છે કે ત્યાંથી અને બીજા દેશોથી આવતા યાત્રીઓના રેન્ડમ ટેસ્ટ થઈ રહ્યા છે. તેની સાથે જ કોરોના સંક્રમિત દર્દીઓના સેમ્પલ જીનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવે છે, જેથી વાયરસની પ્રકૃતિ વિશે સમય રહેતાં જાણી શકાય. એવું કરવું એટલા માટે જરૂરી છે, કારણ કે ચીનમાં કોરોના વાયરસના નવા વેરિયન્ટ બીએફ-૭એ હાહાકાર મચાવ્યો છે. એના પર નજર રાખવી જોઇએ, પરંતુ એ તથ્યની પણ અવગણના ન કરી શકાય કે તે ચીનમાં તો ઘાતક સાબિત થયો છે, પરંતુ ભારતમાં નહીં. આ વાયરસથી ગ્રસ્ત જે થોડા દર્દી ભારતમાં મળ્યા છે તે સંક્રમણ ફેલાવતા નથી જોવા મળ્યા.

ચીનમાં સ્થિતિ બગડવા છતાં પણ ભારતે ડરવાની જરૂર નથી. એ સાચું કે કોરોના જેવા વાયરસને કોઈ સરહદનાં બંધનો નડતાં નથી, પરંતુ એ પણ ધ્યાનમાં રહે કે ચીનની પરિસ્થિતિઓ ભારતથી અલગ છે. સૌથી મોટું અંતર એ છે કે ચીને બનાવેલી કોરોનારોધી રસી બિલકુલ નિષ્પ્રભાવી સાબિત થઈ છે. વક્તા એ છે કે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ચીનમાં બનેલી શંકાસ્પદ ક્ષમતાવાળી રસીઓને તો તાબડતોબ માન્યતા આપી દીધી હતી, પરંતુ ભારતમાં બનેલી રસીને મંજૂરી આપવામાં ઠાગાઠૈયા કરતું રહ્યું. ચીનની બગડતી હાલત વચ્ચે એ ઠીક નથી કે જ્યારે ભારત સરકારની સાથે વિભિન્ન રાજ્ય સરકારો કોરોનાને લઈને સાવધાન રહેવાનો સંદેશ આપી રહી છે, ત્યારે આ મુદ્દે નિમ્ન રાજકારણ શરૂ થઈ ગયું છે. તેનું કારણ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી દ્વારા રાહુલ ગાંધીને લખવામાં આવેલો એ મતલબનો પત્ર છે કે ભારત જોડો યાત્રા દરમ્યાન કોવિડ પ્રોટોકોલનું પાલન કરો અને જો એવું ન કરી શકાય તો યાત્રા સ્થગિત કરી દો. કોંગ્રેસે આ પત્રના બીજા હિસ્સા પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને તરત એ નિષ્કર્ષ પર પહોંચી ગઈ કે તેમની યાત્રાને રોકવાની કોશિશ કરવામાં આવી રહી છે. એ જ ઉપક્રમમાં રાહુલ ગાંધીએ ત્યાં સુધી કહી દીધું કે કોરોના કે માસ્ક તો અમારી યાત્રા રોકવાનું બહાનું છે!

આન્યા મૃણાલ-પ્રકરણ -૧૨/ રાજુલ કૌશિક

મૃણાલ આમ લપડાક મારીને નીકળી જશે એ કૈરવની ધારણાં બહારની વાત હતી.

ક્યાંય કોઈ ખુલાસો નહીં અને પંદર જ દિવસમાં અમેરિકાની સફરે મૃણાલ નીકળી ગઈ તેવા સમાચારોએ માધવીબેન અને કૈરવને હચમચાવી નાખ્યા. તેના મનમાં તો એવું હતું કે આ સામાન્ય ઘરની છોકરી કંઈ કેટલાય પૈસા પડાવશે અને ઉધામા કરશે. પણ ના, તે શ્રીકાંત શ્રોફ અને ગાયત્રી શ્રોફની દીકરી હતી. પીડા વેઠવાની સાથે કલા જન્માવાની કળા જાણે વારસામાં લઈને ના આવી હોય!

જે દિવસે ટીવીમાં મૃણાલનાં વિદેશગમનનાં સમાચાર આન્યાએ જોયા ત્યારે મમ્મા મમ્મા કરીને તે બહુ રડી. તે દિવસથી કૈરવ અને માધવીબહેનને આન્યાને મમ્મી વિરુદ્ધ કાન ભરવાનું સરસ બહાનું મળી ગયું. આટલી નાની છોકરીને મુકીને કારકિર્દી બનાવવા ચાલી ગઈ.. આને તો કંઈ મા કહેવાય?

આન્યાને છાની રાખતા જાય અને કુમળા મનને માની વિરુદ્ધ ભરતાં જાય.

આમ પણ મૃણાલ ગઈ એ દિવસથી આન્યાનાં બાળમાનસ પર એક ના સમજાય એવી અવઢવ છવાયેલી રહેતી. એનું નાનકડું મન એ સ્વીકારી જ શકતું નહોતું કે, એની મમ્મા એને મૂકીને આમ જતી રહે. દાદાજી કંઈક જુદું કહેતા હતા તો દાદી અને પપ્પા કંઈક જુદુ જ. પણ એને દાદાજીની જ વાત માનવાનું મન થતું હતું.

એક તબક્કે તેણે દાદી અને પપ્પાને મોં ઉપર કહી દીધું " મને ખબર છે તમે જ મમ્માને હેરાન કરતા હતા. તમે બંને ગંદા છો." ચોરી પકડાઈ ગઈ હોય એમ વધુને વધુ ગુસ્સે ભરાયેલો કૈરવ નાની આન્યાને જાણે મૃણાલને મારતો હોય તેમ મારી બેઠો.

"દાદાજી.."કહીને મોટો ભેંકડો તાણ્યો ત્યારે અજયભાઈએ કૈરવને કડક અવાજે કહી દીધુ.." આ નાનું બચ્ચું છે...એને સમજાવવાની હોય,મારવાની ના હોય."

કૈરવ પણ ગુસ્સામાંને ગુસ્સામાં બોલ્યો " નાની છે પણ તમને ખબર છે મને અને મમ્મીને કહી દીધું કે તમે ગંદા છો."

"તે તમે શું કરતાં હતાં? તમે પણ એનાં કુમળાં મગજમાં ગંદકી ભરવાની કોઈ કસર છોડી નથી. મૃણાલને ઘરમાંથી જવું પડ્યું એટલું તમને ઓછું પડ્યું કે હવે એના મનમાંથી પણ એની મમ્મીને હાંકી કાઢવા યુદ્ધે ચઢ્યા છો? ઈનફ ઈઝ ઈનફ."

"યસ પપ્પા ઈનફ ઈઝ ઈનફ હવે તો એના મનમાંથી પણ મૃણાલે નીકળે જ છુટકો. આમ પણ આન્યા એકવીસ વર્ષની થાય ત્યાં સુધી એને ન મળવાની શરત પણ મૃણાલે મંજૂર રાખીને? એકવાર પણ આન્યાની કસ્ટડી માટે આજીજી કરી? જો દીકરીનું આટલું દાઝતું હોત તો ડિવોર્સ પેપર પર કેમ સાઈન કરી?"

"બસ! આ જ તને નડયું ને? આજીજી કેમ ના કરી? જાણે એણે આજીજી કરી હોત તો તેં એને આન્યાની સોંપણી કરી હોત? કૈરવ સાચા મનથી વિચારીને જવાબ આપજે કે તને શેનો અફસોસ છે? મૃણાલ ગઈ એનો કે એણે તારી સામે નમતું ન જોખ્યું એનો? અને હવે તો તમને ભાવતું મળ્યુને ? આન્યા આખી હવે તમારી થઈને રહેશેને?"

"રામજી! આન્યાને મારા રૂમમાં લઈ જાઓ તો." એમણે રામજીને બૂમ મારી.

એ સમજતા હતા કે આ બધી વાતો આન્યાની હાજરીમાં તો ન જ થવી જોઇએ પણ જે રીતે કૈરવે આન્યા પર હાથ ઉપાડ્યો ત્યારે તમામ સારાંનરસાંનો ભેદ ભૂલીને અજયભાઈએ બહુ જ ગુસ્સામાં ઘાંટો પાડીને રામજીને બોલાવ્યો. એ ભાગ્યેજ આટલા ગુસ્સે થતા પણ જ્યારે ગુસ્સે થાય ત્યારે એમને જીરવવા કપરા હતા. તેથી આન્યા તો લગભગ ડરી ગઈ પણ તે એટલું તો સમજી શકતી હતી કે, દાદાજી મમ્મીનો પક્ષ લઈને પપ્પાને લઢતા હતા તેથી તે તેને ગમ્યું...

રામજી આન્યાનો હાથ પકડી અજયભાઈનાં રૂમમાં લઈ જતો હતો ત્યારે અજયભાઈ દાદીને ખખડાવતા હતા..." હવે તો જરા ઝંપો..તમને તેનું બધું સોંપીને ગઈ છે છતાં એનો તંત નથી મૂકતાં?"

દાદી કશી દલીલ કરતા હતા પણ આન્યાને તે ના સમજાયું. રૂમમાં જઈને તે મમ્મીને યાદ કરીને ખૂબ રડી. આખરે મૃણાલનું જ તે લોહી હતું ને.. સંવેદનશીલ..લાગણીઓથી ભરેલું. રામજીકાકા તેને છાની રાખતા હતા અને થાબડતા જતા હતા. હીબકે ચઢેલી આન્યા જ્યારે સૂઈ ગઈ હતી ત્યારે તે તંદ્રામાં જોતી હતી. તેની મમ્મી તેને થાબડતી હતી..નીચે હજી અવાજો આવતા હતા...દાદા ક્યારે આવ્યા તેને ખબર નહોંતી..પણ દાદાએ દીકરીનાં ગાલે થીજી ગયેલું આશ્રુબિંદુ જોઈને અરેરાટી નાખી. બે આખલા લઢે અને કુમળાં છોડનો ખુડદો નીકળે છે..

તેમને કૈરવ ઉપર ગુસ્સો આવતો હતો. ત્રીસ વરસનો થયો છતાં, મા અને પત્ની વચ્ચે સંતુલન કરતા ના આવડ્યું. સાંભળવાના બંનેને હોય પણ નિર્ણય તો જાતે જ લેવાના હોયને?

અજયભાઈનાં લેપટોપ ઉપરની સ્ક્રિનમાં મૃણાલનો મેસેજ ઝબકતો હતો"થેંક્સ પપ્પા!..હું બૉસ્ટન પહોંચી ગઈ છું. આન્યાને મિસ કરું છું અને મોટા આંસુ પાડતું એક ઈમોજી ઝબકતું હતું.

અજયભાઈએ આન્યા પણ તને યાદ કરે છે કહીને, જય શ્રી કૃષ્ણ લખી કોમ્પ્યુટર બંધ કર્યુ.

નાનકડી આન્યાને મૃણાલ જેવો ચહેરો હોવાની આજે કૈરવે સજા કરી હતી તે વાતે તે હતપ્રભ થઈ ગયા હતા.માધવી કૈરવનું મન ફેરવવા શું ચાલો ચાલે છે તે સમજતા એમને એક મિનિટ પણ ના લાગી.

તેમણે ફરી નીચે જઈને માધવીને કહ્યું.. "કૈરવનાં છૂટાછેડા પછી હવે તેને પરણાવવાનો ફરી વિચાર કરતા હો તો મારી એક વાત સાંભળી લેજો કે જે દિવસે કૈરવનાં લગ્ન થશે તે દિવસે તમે મારાથી છૂટા થશો સમજ્યા?"

માધવી તો હેબતાઈ જ ગઈ.

"પણ કેમ?"

"એક છોકરીની જિંદગી તો બગાડી.. બીજી કૈરવની જિંદગીમાં કયો ચાંદ લાવવાની છે?"

"એ તો કૈરવની જીદ હતી, મેં તો ના જ પાડી હતીને?"

"બસ હવે મારી જીદ છે અને મેં ના પાડી છે. સમજ્યા?"

"પણ જરા સમજો જુવાનજોધ છોકરો..પહાડ જેવી જિંદગી કેમ કાઢશે?"

"એ ચિંતા છોકરાને ડિવોર્સ લેવડાવતાં પહેલાં વિચારવાનું હતું. હવે નહીં." એમના અવાજની કડકાઈ માધવીબહેનને અંદરથી કંપાવી ગઈ.

"બિચારી આન્યા! " કહીને તેમણે ફડફડતો નિઃસાસો નાખ્યો ત્યારે અજયભાઈ બોલ્યા, "મને ખબર જ હતી કે તમારો પ્લાન શું છે પણ ઝેરનાં પારખા ના હોય. હવે કૈરવે તેના ગુનાની સજા ભોગવવાની છે તેને ભોગવવા દો."

"કૈરવનો ગુનો?"

"હા માધવી, તમારા જેવો સંકુચિત મનનો હતો. મૃણાલની સફળતા તે ક્યારેય સ્વીકારી શક્યો જ નહોતો. અરે એણે એકવાર પણ એવું વિચાર્યુ કે મૃણાલની સાથે એનું નામ જોડાયેલું છે અને મૃણાલની સાથે એની વાહ વાહ થઈ રહી છે પણ ના, એ મૃણાલને ધાક ધમકીથી કાબુમાં લેવા ગયો હતો તો એમાં મૃણાલ તો હાથમાંથી ગઈ પણ હવે આ દીકરીને તો તમારી કરી જાણો. આન્યા માટે તો કૈરવનો મૃણાલ સાથે ઝગડો હતો ને કે એને કોના જેવી બનાવવી તો અત્યારે એ તમારી પાસે છે, એના ઉછેરની જવાબદારી અત્યારે તો તમારી છે ને ? તો એને પ્રેમથી કેળવી જુઓ અને કૈરવ જેવી બનાવાનો એકડો તો ઘૂંટી જુઓ. કૈરવે જે જીદ લઈને આન્યાને એની મમ્મીથી દૂર કરી છે તો હવે જ ખરો મોકો છે ને એની પાસે મા વગરની છોકરીને કેળવવાનો? અત્યારે આન્યાનાં મનમાં એની મમ્મી માટે ઝેર ભરવાના બદલે તમારા માટે કે કૈરવ માટે ફૂણી લાગણી ઊભી કરવાનો, પ્રેમનું ખાતર સિંચીને એ કુમળા છોડને વાળવાનો યોગ્ય સમય છે એવો વિચાર આવે છે તમારા મનમાં? મૃણાલ આન્યાથી કેવી રીતે દૂર જઈ શકી છે એ તો એનું મન જ જાણતું હશે."

"મને પૂછોને મને ખબર છે કેવી રીતે અહીંથી દૂર જઈને બેઠી છે."

"એમ??? તમને તેનું કારણ ખબર છે?"

"હા, અહીં આપણે આન્યાને ઉછેરીએ છીએ માટે."

"તો શું એની પર તમે ઉપકાર કરો છો? એ ધારે તો આન્યાની કસ્ટડી માંગી શકી હોત. એણે ધાર્યું હોત તો એ ઘણું બધું કરી શકી હોત."

"જવા દો વાત. એ મૂંજી શું કરી લેવાની છે?'

"કૈરવ પાસેથી અડધો અડધ પૈસા માંગી શકે છે."

"મને ખાલી ખાલી ડરાવો છોને?"

ડિવોર્સનાં કાગળો પહેલા વાંચો અને પછી આ બધી માથાકૂટો કરજો."

માધવીબહેને બબડતા કહ્યું.. "એ મૃણાલે શું ભૂરકી નાખી છે કે તમે કૈરવનું જોતા જ નથી."

"કૈરવનું જ જોઈને તો આ બધુ કહું છું. ઉપકાર માનો એ સંસ્કારી મા-બાપની સંસ્કારી દીકરીનો કે, તમારી તિજોરી સામે નજર સુદ્ધાં નાખી નથી. એની જગ્યાએ આ તમારી શ્રેયા કે સપના હોત તો તમને ધોળા દિવસે તારા દેખાડી દેત પણ, એક રીતે જોઈએ તો તમારા અને તમારા દીકરા માટે તો એવી કન્યાઓ જ કામની. જેવા દેવ એવી પૂજા કરનારી."

એટલું કહીને વાત સમેટતા અજયભાઈ ઊભા થઈ ગયા.ડોઝ બરોબર અપાયો છે તે વિચારીને અજયભાઈ તેમના રૂમમાં આવ્યા ત્યારે આન્યા ઘસઘસાટ ઊંઘી ગઈ હતી. તેમણે લેપટોપ ચાલુ કર્યુ ત્યારે મૃણાલ ચેટ ઉપર હતી. ઊંઘતી આન્યાને ફોકસ કરી કેમેરા ઉપર તેમણે આન્યાને બતાવી. ત્યારે સામા છેડા ઉપર પ્રસન્ન મા હસતી હતી.

આલેખનઃ વિજય શાહ

ચીનના પૂર્વી શહેરમાં દરરોજ ૪.૯ લાખથી ૫.૩ લાખ કોરોનાના દર્દીઓ આવી રહ્યા છે.

બીજીંગ,તા.૨૪

પાડોશી દેશ ચીનમાં કોરોના વાયરસના સંક્રમણને કારણે સ્થિતિ વણસી રહી છે. ચીનના અધિકારીઓએ કહ્યું છે કે માત્ર એક શહેરમાં દરરોજ લાખો દર્દીઓની ઓળખ થઈ રહી છે. આ પહેલીવાર છે જ્યારે ચીને સત્તાવાર રીતે ખરાબ થતી સ્થિતિનો સ્વીકાર કર્યો છે. ચીને કડક શૂન્ય કોવિડ નીતિને રદ કરવાનો નિર્ણય લીધો ત્યારે વસ્તુઓ વધુ ખરાબ થઈ. કમ્યુનિસ્ટ પાર્ટીના એક મીડિયા આઉટલેટે કિંગદાઓના સ્થાનિક અધિકારીને ટાંકીને કહ્યું કે પૂર્વી શહેરમાં દરરોજ ૪.૯ લાખથી ૫.૩ લાખ દર્દીઓ આવી રહ્યા છે.

ચીનના ઘણા શહેરોમાં સ્થિતિ એટલી ખરાબ છે કે હોસ્પિટલોમાં બેડ, મેડિકલ સાધનોની પણ અછત છે. એટલું જ નહીં, સ્મશાન અને અંતિમ સંસ્કારમાં પણ લડાઈ થઈ રહી છે. ચીનના કોઈપણ શહેરમાં એક પણ દર્દી મળ્યા બાદ આખા શહેરમાં ટેસ્ટિંગ અને સેનિટાઈઝિંગ ફરજિયાત હતું, પરંતુ કોવિડ પોલિસી હટાવ્યા બાદ તેમાં રાહત આપવામાં આવી હતી. હવે સ્થિતિ એવી છે કે લોકો પરીક્ષણ માટે પહોંચી રહ્યા છે પરંતુ અધિકારીઓ માટે તેમને ટ્રેક કરવું મુશ્કેલ છે. મીડિયા રિપોર્ટ અનુસાર, ચીન ફરીથી કોરોનાને કારણે થયેલા મોત અંગે સાચી માહિતી આપી રહ્યું નથી.

રિપોર્ટ અનુસાર, એક સ્થાનિક મીડિયા આઉટલેટે કહ્યું કે આ સપ્તાહના અંત સુધીમાં ૧૦ મિલિયનની વસ્તીવાળા શહેરમાં ચેપનો દર ૧૦ ટકા વધી શકે છે. મીડિયા રિપોર્ટ્સમાં એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે જે રિપોર્ટમાં સંક્રમણના આંકડાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તેને સંપાદિત કરીને આંકડાઓને કથિત રીતે હટાવી દેવામાં આવ્યા છે. ચીનના નેશનલ હેલ્થ કમિશને શનિવારે કહ્યું કે શનિવારે દેશભરમાં માત્ર ૪,૧૦૩ કેસ નોંધાયા છે, જેમાં એક પણ મૃત્યુ નથી થયું. જ્યારે શાનડોંગ પ્રાંત, જ્યાં કિંગદાઓ સ્થિત છે – માત્ર ૩૧ કેસ નોંધાયા હતા.

ચીનમાં રાજકીય રીતે સંવેદનશીલ સામગ્રીને સેન્સર કરવી સામાન્ય બાબત છે. સરકાર-સમર્થિત મીડિયા આઉટલેટ્સે બગડતી પરિસ્થિતિને ઘટાડવાનો પ્રયાસ કર્યો છે, તેના બદલે સરકાર-સમર્થિત સંસ્થાઓએ નીતિના ઉલટાનું તાર્કિક અને નિયંત્રિત ગણાવ્યું છે. જો કે, આ દરમિયાન, કેટલાક મીડિયા આઉટલેટ્સે હોસ્પિટલોમાં પથારી અને તબીબી ઉપકરણોની અછતને પ્રકાશિત કરી છે.

સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે ૩૬ મિલિયનની વસ્તીવાળા પૂર્વ જિયાંગસી પ્રાંતમાં માર્ચ સુધીમાં ૮૦ ટકા વસ્તી સંક્રમિત થઈ જશે. અહેવાલો અનુસાર, ગુરુવાર સુધી, બે અઠવાડિયામાં ૧૮,૦૦૦ દર્દીઓને વિવિધ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ ૫૦૦ દર્દીઓની સ્થિતિ નાજુક હતી.

મોતીહારી ચિમની બ્લાસ્ટમાં ૯ લોકોના થયા મોતઃ પીએમ મોદીએ વ્યક્ત કર્યું દુઃખ, કરી ૨ લાખ રૂપિયા સહાયની જાહેરાત

મોતિહારી,તા.૨૪

બિહારના મોતિહારી જિલ્લામાં ચીમની બ્લાસ્ટમાં અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા છે અને ૧૬થી વધુ લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના ગઈકાલે રામગઢવાના નારીગીર ગામના સારેહમાં બની હતી. ગાઢ ધુમ્મસ અને કડકડતી ઠંડીના કારણે કાટમાળ હટાવવાની કામગીરીમાં અવરોધ ઉભો થયો છે. કાટમાળમાં હજુ વધુ લોકો દટાયા હોવાની આશંકા છે. ૯ ગંભીર રીતે ઘાયલ લોકોની મોતિહારી, રામગઢવા અને રક્સૌલની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હવાલે તેમના કાર્યાલયે આજે સવારે ટ્વીટ કર્યું, 'મોતિહારી ચીમની બ્લાસ્ટ દુર્ઘટનામાં થયેલા લોકોના મોતથી હું દુઃખી છું. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના. ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેના માટે હું ભગવાનને પ્રાર્થના કરું છું. ઁસ્ઢઈહ્વથી મૃતકના પરિવારજનોને ૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે. પ્રામ માહિતી પ્રમાણે આ સિઝનમાં પ્રથમ વખત ઈંટનો ભઠ્ઠો શરૂ થયો હતો.બ્લાસ્ટ થયાની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ૧૦ જેટલી ગાડીઓ, પોલીસની ટીમ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તોને બહાર કાઢીને હોસ્પિટલમાં દાખલ કરવાની સાથે કાટમાળ નીચે દટાયેલા મજૂરોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી પુરજોશમાં શરૂ કરાઈ હતી.

દિશા સાલિયનનું મૃત્યુ થયું ત્યારે હું હૉસ્પિટલમાં હતોઃ આદિત્ય ઠાકરે

નાગપુર,તા.૨૪

નાગપુરની જમીન બાબતે ગેરવ્યવહાર કરવામાં આવ્યો હોવાનો આરોપ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પર કરવામાં આવ્યો છે એ બાબતે અત્યારે નાગપુરમાં ચાલી રહેલા વિધાનસભાના શિયાળુ સત્રમાં ધમાલ થઈ છે ત્યારે વિરો?ધ પક્ષના નેતા અજિત પવારે ગઈ કાલે દાવો કર્યો હતો કે ભૂખંડ-શ્રીખંડનું પ્લાનિંગ બીજેપીએ કર્યું હતું. બીજેપીએ આ મામલે સૌથી પહેલાં પીઆઈએલ દાખલ કરી હતી.અજિત પવારે ગઈ કાલે નાગપુરમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે 'નાગપુરની ૮૩ કરોડ રૂપિયાની કિંમતની જમીન બે કરોડમાં આપવામાં આવી હતી. આથી અત્યારે આ બાબતે વાતાવરણ ગરમાયું છે. આ મૅટરમાં સૌથી પહેલાં ઉદ્ધવ ઠાકરેની આગેવાનીની સરકાર વખતે અને અત્યારે એકનાથ શિંદે સાથે સરકારમાં સામેલ બીજેપીના કેટલાક લોકોએ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરી હતી. આથી મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની મૅટર સરકારના સાથી પક્ષે જ ઉખેળી છે.'

ઉદ્ધવ ઠાકરે જૂથના પ્રવક્તા અને રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે પણ આ વિશે કહ્યું હતું કે 'દોઢ મહિના પહેલાં બીજેપીના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે, વિધાનસભ્ય પ્રવીણ દટકે અને અન્ય એક વિધાનસભ્યે આ બાબતે સવાલ કર્યા છે એ જ વિષય અમે વિધાનસભામાં ઉપસ્થિત કર્યા છે. આનો અર્થ સ્પષ્ટ છે કે એકનાથ શિંદેનું ભ્રષ્ટાચારનું પ્રકરણ ફરી ચર્ચામાં આવે એ માટે બીજેપીના લોકોની ઇચ્છા છે. દેવેન્દ્ર ફડણવીસને માનનારા વિધાનસભ્યોની ઇચ્છા છે.'ઉલ્લેખનીય છે કે બીજેપીના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ તાજેતરમાં એક કાર્યક્રમમાં દેવેન્દ્ર ફડણવીસને ઉલ્લેખીને કહ્યું હતું કે 'હું પ્રદેશાધ્યક્ષ છું ત્યાં સુધીમાં તમે મુખ્ય પ્રધાન બનો.' બીજેપી પ્રદેશાધ્યક્ષના આવા નિવેદનની નોંધ વિરોધ પક્ષોએ લીધી હતી અને સંજય રાઉતે આ વિશે કહ્યું હતું કે ખોખાં સરકારે આનો અર્થ સમજી લેવાની જરૂર છે.મહાવિકાસ આઘાડી સરકારમાં એકનાથ શિંદે નગરવિકાસ પ્રધાન હતા ત્યારે નાગપુરમાં એનઆઇટી જમીનની વહેંચણીમાં ગોટાળો કરવામાં આવ્યો હોવાનો આરોપ થયો છે. ૨૦૨૧માં એકનાથ શિંદેએ ૧૬ વ્યક્તિને લાભ થાય એવો નિર્ણય લીધો હોવાનો આરોપ છે. ઉમરેડ પરિસરમાં આવેલી બે લાખ ચોરસ ફીટની ૮૩ કરોડ રૂપિયાની કિંમતની જમીન બે કરોડ રૂપિયામાં આપી હોવાનો આરોપ છે.આર્થિક ગુના શાખા અને આર્મ્સ ઍક્ટ અંતર્ગત બીજેપીના નેતા મોહિત કંબોજ સામે સંજય પાંડે મુંબઈના પોલીસ કમિશનર હતા ત્યારે ફરિયાદ નોંધવામાં આવી હતી. મુંબઈ પોલીસે આ બંને કેસમાં કોઈ પુરાવા ન હોવાથી મોહિત કંબોજને ક્લીન-ચિટ આપી હોવાનું જાણવા મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે મોહિત કંબોજે ઇન્ડિયન ઓવરસીઝ બૅંક પાસેથી ૨૦૧૧થી ૨૦૧૫ દરમ્યાન બાવન કરોડ રૂપિયાની લોન લીધી હતી. લોનની રકમ જે કામ માટે લેવામાં આવી હતી એમાં વાપરવામાં ન આવી હોવાનો આરોપ તેમના પર મૂકવામાં આવ્યો હતો. આથી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ તેમની સામે ફરિયાદ નોંધી હતી. આ સિવાય મોહિત કંબોજ સામે આર્મ્સ ઍક્ટની ફરિયાદ પણ નોંધવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરે જૂથના પ્રવક્તા સંજય રાઉતે ગઈ કાલે કહ્યું હતું કે 'સુશાંત સિંહ રાજપૂતની મૅનેજર દિશા સાલિયનના મૃત્યુના મામલામાં આદિત્ય ઠાકરેનું નામ ઉછાળનારા સાંસદ રાહુલ શેવાળે ૨૦૨૪માં સાંસદમાં જોવા નહીં મળે. રાહુલ શેવાળે દેશના ઍટર્ની જનરલ નથી. અમને પણ કાયદાની ખબર પડે છે. ૨૦ વર્ષથી સંસદમાં છું અને અમે સરકાર પણ બનાવી છે. આથી મને કંઈ ખ્યાલ નથી આવતો એવું કોઈ માને નહીં.' નાગપુરમાં અત્યારે ચાલી રહેલું રાજ્યનું વિધાનસભાનું સત્ર સીમા વિવાદ અને દિશા સાલિયન મૃત્યુ પ્રકરણ સહિતના મુદ્દે ભરશિયાળે ભારે ગરમાઈ ગયું છે. એવામાં ગુરુવારે એનસીપીના પ્રદેશાધ્યક્ષ જયંત પાટીલને સત્ર ચાલે ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવતાં મામલો વધુ ગરમાયો છે. આ બાબતે ગઈ કાલે મહાવિકાસ આઘાડીમાં સામેલ એનસીપી, શિવસેના અને કૉન્ગ્રેસના નેતાઓની એક બેઠક મળી હતી, જેમાં સત્રનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

વિરોધ પક્ષના નેતા અજિત પવારે આ વિશે કહ્યું હતું કે 'જયંત પાટીલનું સસ્પેન્શન પાછું લેવાની અમારી માગણી છે. સ્પીકર એમ નહીં કરે તો અમે સત્રનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. વિધાનસભામાં વિરોધીઓને બોલવા પણ દેવામાં નથી આવતા.'બીજેપીનાં ભૂતપૂર્વ પ્રવક્તા નૂપુર શર્માના નિવેદનનું સમર્થન કરનારા ઉમેશ કોલ્હેની તબલીખી જમાતના લોકોએ હત્યા કરી હોવાની માહિતી સામે આવ્યા બાદ આ બાબતની તપાસ રાજ્યના સીઆઇડી વિભાગ દ્વારા કરવામાં આવશે એવી જાહેરાત રાજ્યના ગૃહરાજ્યપ્રધાન શંભુરાજ દેસાઈએ વિધાનસભામાં કરી હતી. વિધાનસભ્ય રવિ રાણાએ આ બાબતે વિધાનસભામાં મુદ્દો માંડ્યો હતો અને આરોપ કર્યો હતો કે ઉમેશ કોલ્હેને ધમકીઓ આવતી હતી તો પણ તત્કાલીન ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહાવિકાસ આઘાડી સરકારે ધ્યાન નહોતું આપ્યું અને ઉમેશ કોલ્હેની હત્યા કરવામાં આવી હતી. પોલીસે હત્યાના એક કેસને રૉબરીમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો. એનઆઇએની તપાસમાં જણાઈ આવ્યું છે કે? હિન્દુઓનો અવાજ દબાવવા માટેનો પ્રયાસ એ સમયે રાજ્ય સરકારે કર્યો હતો. ઉમેશની હત્યા બાદ તત્કાલીન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ પોલીસ કમિશનરને ફોન કર્યો હતો. હત્યાના કેસને રૉબરીમાં ફેરવવામાં આવ્યો હતો એટલે એક મહિનામાં કેસની તપાસની દિશા બદલાઈ ગઈ હતી.

બૉલીવુડના સદ્ગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની મૅનેજર દિશા સાલિયનના મૃત્યુ મામલે રાજ્ય સરકારે એસઆઇટીની સ્થાપના કરી છે. યુવાસેનાના અધ્યક્ષ આદિત્ય ઠાકરેનું આ મામલામાં નામ ઉછાળવામાં આવ્યું છે ત્યારે આદિત્ય ઠાકરેએ મૌન તાડ્યું છે. તેમણે ગઈ કાલે કહ્યું હતું કે 'દિશાનું મૃત્યુ થયું ત્યારે મારા નાનાની હૉસ્પિટલમાં સારવાર ચાલતી હતી એટલે હું તેમની સાથે હતો. આથી મારા પર ગમે એટલા આરોપ કરવામાં આવશે તો પણ સત્ય બહાર આવશે.'

ઉલ્લેખનીય છે કે દિશા સાલિયને આત્મહત્યા નથી કરી, પણ તેની હત્યા કરવામાં આવી હોવાનો દાવો બીજેપીના વિધાનસભ્ય નીતેશ રાણેએ કર્યો છે. વિધાનસભામાં તેમણે કહ્યું હતું કે 'દિશાનું મૃત્યુ થયું ત્યારે મલાડમાં પાર્ટી ચાલી રહી હતી. આ પાર્ટીમાં કોણ હતા, સીસીટીવી કૅમેરાનાં ફુટેજ કેમ ગાયબ છે, વિઝિટર્સ બુકમાં પેજ કેમ ફાડવામાં આવ્યાં જેવા સવાલો છે. આથી આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે.'નાગપુરમાં અત્યારે રાજ્યનું શિયાળુ અધિવેશન ચાલી રહ્યું છે ત્યારે એમએનએસના અધ્યક્ષ રાજ ઠાકરેએ ગઈ કાલે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની મુલાકાત કરી હતી. બંને નેતાઓ વચ્ચે બંધબારણે કેટલોક સમય વાતચીત થઈ હોવાનું જાણવા મળ્યું હતું. એકનાથ શિંદેએ શિવસેનામાં બળવો કર્યા બાદ રાજ ઠાકરે સાથે તેમની અનેક વખત મુલાકાત થઈ ચૂકી છે. બંને નેતા ફરી નાગપુરમાં